





જિલ્લા-તાલુકા ભાંગીને તડજોડ કરે છે!
સભ્યોને લલચાવી તોડફોડ કરે છે!
ભાંગફોડ કરે છે જાતિ-ધર્મ-સંપ્રદાયોમાં -
નવે મૂકી શર્મ, સિદ્ધાંતોમાં બાંધછોડ કરે છે!




આવ્યું 'વેગન'
કોંગી મોટાં માથાંનું -
નાખો વખારે!
(અમીન ભેગાં)

ટચલી વડે!
ઉંચક્યો ગોવર્ધન -
- ને દબાઇ ગ્યા!
(ઝડફીયાને ઝડપથી લાધ્યું જ્ઞાન)

## ચિંતન

***વહતિ ભુવન શ્રેણિં શેષ: ફણા ફલક સ્થિતાં કમઠપતિનાં મધ્યે પૃષ્ઠં સદા સ ચ ધાર્યતે ।***
***તમપિ કુરુતે ક્રીડાધીનં પયોદધિરના દરા દહહ! મહતાં નિ: સીમાનશ્ચરિત્રવિભૂતય: ॥***

ભતૃહરિ નીતિશતકનો આ શ્લોક છે :

જે મહાન વ્યક્તિ અને વ્યક્તિત્વ છે એ સમાજના મોટાં મોટાં કામ કરે છે તદ્દન સહજ રીતે જ કરે એમાં 'મેં કર્યું-મેં કર્યું' - એવાં પ્રચારના ઢોલ-નગારાં વગાડતા નથી. મૌન અને ગુપ્ત રીતે જ મોટાં કાર્ય થતાં રહે છે. અર્થ :

'શેષનાગ પોતાની ફેણની ફલક પર વિશ્વ ભુવનોને ધારણ કરે છે અર્થાત્ સમગ્ર બ્રહ્માંડનો ભાર શેષનાગની ફેણ પર છે.'

એવા એ શેષનાગને કચ્છપ-અવતાર કાચબો પોતાની પીઠ પર ધારણ કરે છે. આ શેષનાગ સહિત કાચબાને સમુદ્ર પોતાના પેટાળમાં ધારણ કરે છે, આમ શેષ, કાચબો અને સમુદ્ર બ્રહ્માંડને ધારણ કરે બ્રહ્માંડનો ભાર ઉપાડે છે છતાં તદ્દન સ્વાભાવિક રીતે જ પોતાનું કાર્ય - બેપરવાહ-તદ્દન સાહજિક રીતે કરે છે. મહાન વ્યક્તિઓનાં ચરિત્ર આવાં નિર્લેપ-નિરાભિમાન અને મહાન હોય છે.

અધકચરા-અધુરા માણસો નહીવત્ કાર્ય કર્યા છતાં-વિશ્વનો ભાર ઉપાડયો હોય એમ ગાજતા રહે છે.

## સુવિચાર

- પડકાર એટલે કોઇક દ્વારા કોઇ પણ બાબતે તમે સમક્ષ નથી તેવો આક્ષેપ અને સમક્ષ હોય તો પુરવાર કરી બતાવવાનું દબાણ — ***ધર્મસૂત્ર***
- જીવનમાં શ્રદ્ધા વિના ચાલતું નથી, તો શ્રદ્ધાના કોઇક આધાર વિના પણ ચાલતું નથી, તમે ઇશ્વરનો આધાર ન સ્વીકારો તો છેવટે કોઇ માણસને કોઇ સિદ્ધાંતનો આધાર તો લેવો જ પડ છે — ***એચ.જી. વેલ્સ***
- જિંદગીનો મુકાબલો કરવાની માણસની ક્ષમતા-સજ્જતા વધારે તેટલો તે માણસ વધુ 'પ્રાણવાન' — ***સુધા મૂર્તિ***
- જયાં તર્કની સીમ પુરી થાય ત્યાં શ્રદ્ધાનો પ્રદેશ શરૂ થાય છે, વિજ્ઞાન પણ શ્રદ્ધા વગર ટકી ન શકે — ***એસ. ભટ્ટાચાર્ય***
- મોંઘવારી વધે ત્યારે પૈસાદાર માણસની સિલક ખોરવાય છે, મધ્યમવર્ગના માણસનું બજેટ ખોરવાય છે, અને ગરીબ માણસનું જીવન ખોરવાય છે — ***જનકલ્યાણ***
- જયાં સુધી માણસ પોતાની અનુકંપા અને કરૂણાનું વર્તુળ બધા જ જીવંત પ્રાણીઓ સુધી ન વિસ્તારે ત્યાં સુધી એને પોતાને શાંતિ નહીં નહીં મળે — ***આઇન્સ્ટાઇન***
- જો આકાશના તારાઓ વરસમાં એકાદ વખત જ દેખાતા હોય તો માણસો તારાઓને કેટલા અહોભાવથી જોતો હોત!! પશુપક્ષીઓ માટે પણ આવો જ અહોભાવ સેવવા જેવો છે — ***ડૉ. ચંદ્રકાંત મહેતા***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

આપણે આપણા મનથી નક્કી કરેલા વહેમો-શંકાઓ-વાડાઓ-સંકુચિતતાની દિવાલો અને મર્યાદાના પિંજરામાંથી બહાર નીકળી શકતા નથી. તમે ગમે તેવા મુક્ત વાતાવરણમાં હો છતાં તમારા વિચારોનું બંધન તમને બાંધી જ રાખે છે માનવીની જીવન નાવ બહારના તોફાનથી નહિ પરંતુ અંદરના તોફાનથી જ ડૂબતી હોય છે. હિંમતથી હારેલો માણસ કદી પણ જીવતો નથી.

છત્રપતિ શિવાજી અને શંભાજી પિતા-પુત્ર ઔરંગઝેબની જેલમાં કેદ હતા. શિવાજી તો મક્કમ મનથી દિનચર્યા અને ચિંતન કરતા હતા. પણ શંભાજી તદ્દન હિંમત હારી ગયા હતા. હવે ઔરંગઝેબની કેદમાં જીવનભર સબડતા રહેવું પડશે અથવા મૃત્યુ નિશ્ચિત જ છે એ ચિંતામાં જ ધ્રૂજતા હતા. એણે પિતાજીને રડસમ ચહેરે કહ્યું, 'પિતાજી આ લોખંડી પહેરો અને મજબૂત જેલમાંથી હવે મુક્તિ તો મને અશક્ય લાગે છે.' શિવાજી એ મક્કમ અવાજે કહ્યું, આમ હિંમત હાર નહીં જે કાયમ નિષ્ફળતાનો જ વિચાર કરે છે તે કદી પણ સફળ થતા નથી. હું મુક્તિના જ સતત વિચાર કરું છું અને યુક્તિ વિચારું છું. આપણે થોડા જ દિવસોમાં જેલની બહાર હોઇશું!'

(સૌ જાણે છે એમ શિવાજીએ ગરીબોને ફળના ટોપલાં વેંચવાને બ્હાને-બહાર નીકળી જ ગયા)

માણસ બીજાએ રચેલ જેલમાંથી નીકળી શકે પણ પોતે રચેલી માનસિક જેલમાં આજીવન કેદ ભોગવવાનો રહે છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# પ્રબંધન અને વ્યવસ્થાપન એક કળા છે, એમાં પ્રબંધકની ગતિ, મતિ, ધૃતિ (ધૈર્ય) અને કૃતિ એ ચારેયની કસોટી થાય છે, પ્રબંધક માનસિક રીતે જેટલો સ્વસ્થ એટલા કાર્યકર્તા પણ સ્વસ્થ રહેશે

## માનવસંબંધો અને વ્યવસ્થાપન

***- હર્ષદ પ્ર. શાહ***

એક ચિંતકના સુંદર વાક્યથી આ સુંદર વિષયનો ચિંતનનો પ્રારંભ કરીએ -

"સંપૂર્ણ વિશ્વાસ રાખે એ જ વ્યક્તિ સંપૂર્ણ વફાદારીની અપેક્ષા રાખી શકે."

અત્યારના આપણા જીવનકાળમાં માનવ-માનવ વચ્ચેના સંબંધોમાં 'વિશ્વાસ' નામના તત્ત્વનો એ હદે ક્ષય થયેલો દેખાય છે કે જાણે સમસ્ત માનવજાત 'શંકા' નામની ભયાનક વ્યાધિથી પીડાઇ રહી છે.

પારસ્પરીક વિશ્વાસ ન હોવાને કારણે - વિશ્વાસઘાતની ઘટનાઓ વધી છે.

કાયદા અને ન્યાયતંત્રની અત્યધિક આવશ્યકતા નિર્માણ થઇ છે. પરિણામે સજા, વૈમનસ્ય અને બીજી અસંખ્ય વિકૃતિઓનું પ્રમાણ ખુબ વધ્યું છે.

મેં મારા જીવનમાં મહદંશે આ વાતને વ્યવહારમાં મૂકવાનો પ્રયત્ન કર્યો છે. તેથી થોડા કડવા અને ખટમીઠા અનુભવો પણ થયા છે. પણ તેની અનેકગણા સારા-સુખદ અનુભવો થયા છે અને તેને કારણે હું એવા નિષ્કર્ષ પર આવ્યો છું કે જો માનવ - માનવ વચ્ચે વિશ્વાસનું સામ્રાજય પ્રવર્તે તો સૌહાર્દ, પ્રેમ, સમન્વય અને મૈત્રી જેવા શબ્દોનો સાચો અર્થ અને ભાવ પામવાના આપણે અધિકારી બની શકીએ.

માનવ - માનવ વચ્ચે હોવી જોઇએ એવી બીજી મહત્ત્વની બાબત છે 'સમજણ' અને સમજણ 'સંવાદ' થી જન્મે. વધુ પડતું બોલવું એ સંવાદ નથી. ઓછા શબ્દોમાં પણ ઘણું સરસ કહી શકાય.

દોસ્તોવેસ્કી નામના રશિયન ચિંતક કહે છે : શબ્દો કરતાં વર્તન વધુ અસરકારક બની જાય છે. મૌનથી જ સંવાદ થઇ જાય તે સર્વોત્તમ સંબંધ કહી શકાય.

આપણે રહીએ છીએ તે વિશ્વમાં પ્રત્યેક કદમ પર કોઇ ને કોઇ પ્રકારની વ્યવસ્થાઓ છે. વ્યવસ્થાઓ વિનાનું જીવન અસ્તવ્યસ્ત, સ્વચ્છંદી અને અનુશાસનહીન બની જાય. આવી વ્યવસ્થાઓ દરેક તંત્રમાં બને, આવશ્યકતા મુજબ એમાં વખતો-વખત પરિવર્તન અને સંશોધન થતું રહે, એમાં જડતા ન પ્રવેશે અને એમાં લચીલાપણું રહે એ આવશ્યક છે. લચીલાપણાનો અર્થ એ નથી કે દરેક તબક્કે, વાત - વાતમાં, જરૂર ન હોય તોય કામમાંથી છૂટ લઇ લેવી અને કામચોરી કરવી. પણ, એની ન્યાયિકતા કેવીરીતે નિશ્ચિત થાય...? અને, તેથી જ અહીં ફરી 'વિશ્વાસ' અને 'સમજણ' નામનાં તત્ત્વોમાં 'વિવેક' નામનું તત્ત્વ પણ ઉમેરવું અનિવાર્ય છે.

માનવજાતના સુચારુ જીવનવ્યવહારનું નિર્વહન કરવા માટે આવશ્યક છે. અહીં એક વાત સારી રીતે સમજવી જોઇએ કે માણસની સુખાકારી માટે વ્યવસ્થાપન છે, વ્યવસ્થાપન માટે માણસ નથી. અને માટે જ અહીં નિયમ અને અનુશાસનના આગ્રસ સાથે વિશ્વાસ, સમજણ અને વિવેકના સ્થાપનની વાત કરી છે.

ઘણી ઓફિસોમાં બોસ, સર કે સાહેબ હોય છે; મિત્ર, વડીલ કે માર્ગદર્શન નહીં! બોસીઝમથી, મેમો દ્વારા કે ઠપકો આપીને ભયસૂચક સિગ્નલો અને સાયરન સાથે તંત્રની ગાડી દોડતી હોય છે. સતત ભય અને ટેન્સન સાથે તંત્રની ગાડી દોડતી હોય છે. સતત ભય અને ટેન્શન સાથે કામ થતું હોય ત્યાં ભૂલો પણ એટલી જ થવાની. કામ કરનારાઓનાં મન ડહોળાયેલાં કે કચવાયેલાં હોય એની નીપજ કેવી હોય? જેમ નાનું બાળક ભયપૂર્ણ વાતાવરણમાં ખીલી કે વિકસી શકતું નથી તેમ મોટા માણસો પણ ભયમુક્ત વાતાવરણમાં પ્રોત્સાહક પરિણામો આપી શકતા નથી.

આવું બીજું દૂષણ પ્રલોભન છે. કેટલાય માણસો પ્રલોભન આપીને કામ કરાવતા હોય છે. આવી સ્થિતિમાં કામ કરનારાઓની મન:સ્થિતિ બગડે છે. કંઇક વધારાનું મળે કે પ્રલોભન મળે તો કામ કરવું, અન્યથા નહીં, આવી સ્થિતિ પણ સારી નથી. પ્રલોભન આપીને સારાં કામો લાંબા ગાળા સુધી કરાવી શકાતા નથી. આમાંથી જ ભ્રષ્ટાચાર જન્મે છે અને શ્રેષ્ઠચાર નષ્ટ પામે છે. અણહકનું અને અણછાજતું લેવા-આપવાની પ્રક્રિયા ભયંકર નુકસાન કરનારી છે એ સમજવું જ રહ્યું.

આમ, ભય અને પ્રલોભન એ બે પરીબળોથી કામ કરાવી લેવાનો શોર્કકટ સરવાળે મોંઘો પડે છે.

ત્રીજી અને સાચી રીત છે કાર્યકર્તાને તત્ત્વ કે વિચાર સાથે જોડવાની. જે કામ કરવાનું હોય તેની યોગ્ય ભૂમિકા અને સમજણ આપવામાં આવે, સમયાંતરે એની પૂછપરછ કરવામાં આવે અને કામ ધીમું થતું હોય, બરાબર ન થતું હોય અથવા ન થતું હોય તો ઠપકાને બદલે માર્ગદર્શન અને હૂંફ આપવામાં આવે તો કામ બરાબર ચાલશે.

પ્રબંધન અને વ્યવસ્થાપન એક કળા છે. એમાં પ્રબંધકની ગતિ, મતિ, ધૃતિ (ધૈર્ય) અને કૃતિ એ ચારેયની કસોટી થાય છે. પ્રબંધક માનસિક રીતે જેટલો સ્વસ્થ એટલા કાર્યકર્તા પણ સ્વસ્થ રહેશે.

માટે, કર્મચારીઓને કાર્યકર્તા બનાવવાની પહેલ પ્રબંધકે કરવી જોઇએ. એમને સાથે ચાલવાની કામ ગતિમાન બને છે. કાર્યકર્તાઓ માટે પ્રબંદક એક ડગલું જ આગળ રહેવો જોઇએ જેથી સંપર્ક સરળ બને. પ્રબંધક પારીવારિક વાતાવરણ જો સર્જી શકે અને પરીવારના વડા જેવી ભૂમિકા ઉત્પન્ન કરી શકે તો ગાડી કયાંક બ્રેકડાઉન ન થાય.

ઉત્તમ પ્રબંધન કે વ્યવસ્થાપન માટે પ્રબંધકે નીચે દર્શાવેલી કેટલીક વાતો ધ્યાનમાં રાખવા જેવી છે -

- અભિમાન કે અહંકારનું નિર્મૂલન કરવું.

  માણસની અંદર સમાઇ રહે તે સ્વાભિમાન, અને બહાર છલકાય તે અભિમાન.
  અભિમાનથી માણસ ફૂલાઇ શકે છે, પણ ફેલાઇ શકતોન નથી.
  વિકાસ આડેનો મોટો બમ્પ - અવરોધ એટલે અહંકાર.
- કાર્યકર્તાની રૂચિ, પ્રકૃતિ અને શક્તિ પ્રમાણેનું કામ સોંપવું.
- કાર્ય કરવા માટે જરૂરી પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરું પાડતા રહેવું.
- કાર્યનો યશ વહેંચવો અને અપયશ માથે ચડાવવો.
- શ્રવણક્ષમતા વિકસાવવી. કાર્યકર્તાને સારી રીતે સાંભળવો અને સમજવો.
- કાર્યકર્તા નિરાશ ન થાય તેની ચિંતા કરવી.
- પ્રબંધકે જરૂર પડ્યે પોતાના નિર્ણય ક્ષમતા, બુદ્ધિશક્તિ અને સાહસનો પરિચય કરાવવો જોઇએ.
- કાર્યકર્તાને વધુ એક સાથે ન સમજાવી દેવું... અર્થાત્ Spoon Feeding ન કરવું. એને મૌલિક રીતે કામ કરવા દેવું અને અપેક્ષિત પરિણામ સુધી પહોંચાડવો.
- કાર્યકર્તાના કોઇ દોષની ચર્ચા જાહેરમાં ન કરવી પણ ગુણની ચર્ચા યથાયોગ્ય પ્રમાણમાં જરૂર કરવી.
- કદી પક્ષપાતી વલણ ન કરવું. સમન્વય અને સહિષ્ણુતાથી જ ચમત્કારિક પરિણામો મેળવી શકાશે.
- ગીતામાં શ્રીકૃષ્ણે પ્રબોધેલા 'યોગ: કર્મસુ કૌશલમ્' નો પ્રબંધકે સર્વપ્રથમ સ્થાપિત કરવો જોઇએ.
- પ્રબંધકે એ યાદ રાખવું જોઇએ કે જવાબદારી સોંપ્યા વિના નેતૃત્વ વિકસતું નથી. એણે હંમેશા Second Line - એના અનુગામી તૈયાર કરવા જોઇએ.

  પ્રબંધકે સમયસૂચકતાનો ગુણ વિકસાવવો જોઇએ.
- નેતૃત્વની સફળતા પ્રશાસનમાં નહીં, અનુશાસનમાં છે.
- નેતૃત્વના વિકાસ માટેની ઇષ્ટ પ્રક્રિયા -

  પેનથી નહીં, નહીં, પ્રેમથી
  હોઠથી નહીં, હૈયાથી
  અક્ષરથી નહીં, અંતરથી
  શબ્દોથી નહીં, સ્નેહથી
  આદેશથી નહીં, મનમાં સંદેશથી
- પ્રબંધકે પોતાનું વ્યક્તિત્વ સર્વસ્વીકૃત અને સર્વસમાવેશક ઘડવાનો સતત પ્રયાસ કરવો જોઇએ.
- કેટલાક લોકો એકડા પડી જાય છે, કારણ કે તેઓ સેતુને બદલે દિવાલો ચણે છે. સ્નેહનો સેતુ સર્જવામાં જ સાર્થકતા છે.
- પ્રબંધકનું પોતાનું દર્શન (Vision) સ્પષ્ટ હોવું જોઇએ. જોનાથન સ્વીફ્ટ નામનાં ચિંતકે કહ્યું છે -

  Vision is the art of seeing whats is invisible to others.
  બીજા એક ચિંતકનું વાક્ય પણ સરસ છે -
  Leadership is the capacity ot tranform vision in to reality.

***(અનુસંધાન પાના નં. ૬ પર)***

# સંબંધો સુધારવામાં થોડીક સમજણ, થોડીક બાંધછોડ, થોડીક 'લેટ-ગો'ની ભાવના જરૂરી છે

## હું રસ્તે રઝળતી વારતા

***- અચના કમલેશ***

કેટલાક સંબંધો બનાવવા કે તેમાંથી મુક્ત થઇ જવું એ આપણા હાથમાં નથી હોતું. જેમ કે લોહીના સંબંધો જેવા કે, મા-બાપ, ભાઇ-બહેન, કાકા-મામા, માસી-ફોઇ, દાદા-દાદી, નાના-નાની, પુત્ર-પુત્રી, ભાણીયા-ભત્રીજા વગેરે સંબંધો જન્મતાની સાથે જ આપણને વારસામાં મળી જતા હોય છે, જે ગમતા હોય કે ન ગમતાં હોય છતાં નિભાવવા પડે છે.

આપણે જોઇએ છીએ કે પરાણે મળેલા આવા સંબંધોથી કેટલાક લોકો નારાજ હોય છે. તેમાંયે જયારે તે વ્યક્તિનો સ્નેહી ઉંમરમાં તેના કરતાં નાનો હોય અને સગપણમાં તેનાથી મોટો હોય ત્યારે તો ખાસ. આવા સંબંધો વિચિત્ર લાગતાં છતાં તેને આપણી મરજી મુજબ બદલી શકાતા નથી કે અવગણી પણ શકતા નથી. આપણે કોઇને એવું કહી નથી શકતા કે આજથી તું મારી મામી નહીં અને હું તમારી ભાણી નહિ! કે આજથી હું તમને મારા કાકીના સંબંધમાંથી છૂટાછેડા આપું છું! કદાચ ગુસલ્સામાં આપણે તેમ કહી દઇએ તો પણ આ લોહીનો સંબંધ થોડો બદલાઇ જવાનો છે?

તો પછી જે સંબંધ આપણે બદલી શકવાના નથી તેના પ્રત્યે નફરત કરવાથી શો ફાયદો! જે છે તેને સ્વીકારી લેવાથી નુકશાન શું જવાનું છે? પણ ના, માણસનું મન આવા સમયે નફો નુકશાન જોતું નથી. આવું થવા પાછળનું કારણ શું? કંઇ સમજાય છે? વાત એકદમ મામુલી છે, પણ આ મામુલી લાગતી વાતને નજરઅંદાજ કરવા જેવી નથી. હિમશીલાનું ટોપકું ઉપરથી દેખાતું હોય તેટલું નાનું હોય છે ખરું? બસ આવું જ આ સંબંધોનું છે.

સિત્તેર પહેલાના દાયકામાં ફેમીલી પ્લાલિંગ કરવામાં આવતું નહિ. હોવાના કારણે દરેક કુટુંબમાં બાળકોની સંખ્યા સારી એવી જોવા મળતી. ઘણાં કુટુંબોમાં તો મોટી છોકરી પિયરમાં સુવાવડ કરવા આવે ત્યારે તેની મા પણ પ્રેગનન્ટ હોય. ઘણીવાર તો છોકરીને બે ત્રણ બાળકો થયા પછી તેની માને પેટે ભાઇ કે બહેનોનો જન્મ થાય, જેના લીધે વહેલો જન્મેલો ભાણિયો મોટો અને મામો નાનો હોય. બીજા ઘણાંય સંબંધોમાં પણ આવું જ થાય, જેના કારણે સંબંધોમાં મોભો ન જળવાય.

ઘણી જ્ઞાતિઓમાં 'સગાનું સગું કરવાની' પ્રથા પણ આવા સગાઓમાં ગૂંચવાડા માટે જવાબદાર છે. બે સગા ભાઇઓ સાથે બે સગી બહેનોનાં લગ્ન, ભાણિયા સાથે ભત્રીજીના લગ્ન વગેરે વગેરે... આવા લગ્નોને કારણે સંબંધો બેવડાઇ જાય છે. આ બેવડાતા સંબંધો ગૂંચવાડો ઊભો કરે છે. જેના કારણે ઘણીવાર સામાજિક વહેવાર ઝઘડાઓ થતાં હોય છે. મુસ્લિમોમાં બ્લડ રિલેશનમાં લગ્ન કરવાનો રિવાજ છે.

તેમનામાં કાકા-મામા, ફોઇ-માસી વગેરે તદ્દન નજીકનાં સગાંઓમાં પુત્ર કે પુત્રી સાથે લગ્ન કરવાનો રિવાજ છે. વિચાર કરો કે આવા લગ્નો થતાં હોય તે સમાજમાં સંબંધો કેવા ગૂંચવાઇ જતાં હશે! અને આ ગૂંચવાડાના કારણે ઝઘડાઓનું પ્રમાણ પણ વધારે જ હશે તેમાં બેમત નથી. હિંદુઓમાં પણ કેટલીક જ્ઞાતિઓમાં મામા-ફોઇનાં દીકરા કે દીકરી સાથે લગ્ન કરવાનો રિવાજ ચાલે છે. આપણા પુરાણો અને રામાયણ મહાભારત જેવા ધાર્મિક ગ્રંથોમાં પણ આવા અંદરોઅંદર ગૂંચવાયેલા સંબંધોની કથાઓ જોવા મળે છે.

મને યાદ છે મારા એક દૂરનાં સગાનાં મામા તેનાથી ઉંમરમાં ચાર વર્ષ નાના છે. હવે જયારે પણ કોઇ પ્રસંગ આવે કે તહેવાર આવે ત્યારે પેલા મામાને ભાણિયાએ રિવાજ મુજબ પગે તો લાગવું જ પડે! આ સમયે પેલા ભાણિયાનો ચહેરો જોવા જેવો હોય છે. અધૂરામાં પુરૂં મામો તેના પર રોફ જમાવે કે ખવડાવે ત્યારે તો તેની હાલત વધુ દુ:ખજનક થાય છે. કેમ તે તે ઉંમરમાં નાનો હોવા છતાં સંબંધમાં મોટો છે આથી બંને વચ્ચે મનદુ:ખ છે.

સગા મામા-ભાણિયાના આ સંબંધમાં શું સમસ્યા છે? તેમના સંબંધોમાં કેમ કડવાશ છે? આમ જોવા જઇએ તો બાબત સામાન્ય છે. બંને જણ વાસ્તવિકતા સ્વીકાર લે તો કોઇ પ્રશ્ન જ નથી, પરંતુ બંનેને પોતાનો ઇગો નડે છે. ભાણિયો એવું સમજે કે ઉંમરમાં નાનો છે તો શું થયું, સંબંધમાં તો તો મારો મારો જ છે ને? તો પછી તેને માનથી બોલાવવામાં શો વાંધો છે! તે જ રીતે મામા એવું સમજે છે કે હું તેનો મામો ભલે હોઉં, ઉંમરમાં તો તે મારાથી મોટો છે ને! પછી તે મને માનથી ન બોલાવે તો પણ શું! બંને પક્ષે ફક્ત આટલી સમજણની જરૂર છે. સંબંધો સુધારવામાં થોડીક સમજણ, થોડીક બાંધછોડ, થોડીક 'લેટ-ગો'ની ભાવના જરૂરી છે.

***સંદર્ભ : વુમન ગાર્ડિયન***

# કોઈ ભલે તેમને 'ફૂટનોટ' તરીકે ગણે; પણ તેમનું નામ અને કામ ઘણું કહી જાય છે

## શબ્દ સમીપે

***- નટવર હેડાઉ***

"કોઇ મને શું ગણે અને શું ન ગણે એની મારે મન અગત્ય નથી. કોઇ મને કશું જ ન ગણે, એની પણ મને ચિંતા નથી. હું મારી જાતને મારા આદર્શોને અને મારા વાચકોને વફાદાર છે. એનો મને પુરો સંતોષ છે." ઉપરનાં શબ્દો આપણા ખુબ જ જાણીતા વરિષ્ઠ બાળ સાહિત્યકાર અને સાહિત્યના બીજા પણ અનેક ક્ષેત્રોમાં અનન્ય સર્જન કરનાર તેમજ નાના મોટા થઇ આશરે ૫૦૦ પુસ્તકના લેખક યશવંત મહેતાના છે.


ઉંમરનાં એક પડાવ પર પહોંચ્યા પછી પાછું વળીને જોતાં જોજનો કાપ્યા પછી શું મેળવ્યું છે તે વ્યક્તિ પોતે તો જાણતો જ હોય છે. પરંતુ જયારે મિત્રોનો આગ્રહ થાય કે તમે તમારી એ જીવનયાત્રા વિષે કંઇક લખો ત્યારે જીવનમાં 'કયા ખોયા કયા પાયા' જેવી સ્થિતિ એ ઊભા રહી લખવાનું મન ન થાય ત્યારે આવા જ કંઇક ઉદ્ગારો નીકળી જાય.

છતાં દરેકના જીવન સંઘર્ષની કહાની એક સરખી હોતી નથી. તેમાંથી તે વ્યક્તિએ કઇ રીતે પોતાનો રસ્તો કાઢ્યો તેની વાતો જાણવાની જરૂરથી રસ પડે.

હાં, આજે મારે વાત કરવી છે યશવંત મહેતાના આત્મલક્ષી અનુભવોનાં ટૂંકા લેખોમાંથી જે મહાન વ્યક્તિત્વના દર્શન થઇ રહ્યાં છે તેના, જેને લેખકે નમ્રતાપૂર્વક 'ફૂટનોટ' કહ્યા છે.

યશવંત મહેતા અમૃત મહોત્સવ સમિતિ જેના કન્વીનર ડો. ઇશ્વર પરમાર, ડો. હુંદરાજ બલવાણી, નટવર પટેલ અને યોસેફ મેકવાન તેમજ શુભેચ્છકો તરીકે જેમનાં નાનો છાપ્યાં છે તે અને બીજા અગણિત અન્યનો સમાવેશ પણ કર્યો છે તે કંઇ નાની સુની વાત તો ન જ કહેવાય, ત્યારે ડો. મધુસૂદન પારેખ તેમના માટે સાચું જ કહે છે.

"બાલ સાહિત્યના બ્રહ્મા ભલે ગિજુભાઇ હોય કે તમારી નવી શોધ મુજબ નાગરદાસ ઇ. પટેલ હોય, પણ બાળ સાહિત્યના સંવર્ધનનું કાર્ય કરનાર વિષ્ણુ તો તમે છો યશવંત!"




'ફૂટનોટ' પુસ્તકમાંથી પસાર થતાં તેના ૨૯ લેખો અને પરિશિષ્ટ-એ, બી, ની વિગતોમાંથી વાચકને જાણ્યું અજાણ્યું ઘણું મળી રહે છે, કેમ કે આત્મકથાત્મક લેખોનો આ સંચય ઘણું ઘણું કહી જાય છે. અહીં ક્રમિક કથા નથી પણ વિવિધ વિષે થયેલા લેખો છે. જેથી ઘણાં પુનરાવર્તન પણ થયાં છે. પણ જયાં જયાં એ આવ્યા છે ત્યાં એ યથાસ્થાન છે. એટલે એમને રદ્ કરવાનું કદાચ લેખકને અશક્ય લાગ્યુ છે. વિવિધ સમયે વિવિધ મિત્રોના નિમંત્રણની વિવિધ મુદ્દે લેખકે જે આત્મકથાત્મક લેખન કર્યું છે તેવા લેખો ને સીધા જ અહીં સમાવવામાં આવ્યા છે. કોઇકે માતા વિશે લખાવ્યું છે, કોઇક પિતા કે પત્ની વિશે. કોઇકે જીવનના સુખ દુ:ખ પુછવા તો કોઇકે નિષ્ઠા વિષે સવલા કર્યો હશે. કોઇકે જીવનના વણાંક જાણ્યા માંગ્યા તો કોઇકે જીવન ઘડનારાઓ વિશે જાણવા માગ્યું. કયારેક લેખનના લેખન વિષે કંઇ પુછાયું હોય કે કયારેક મનપસંદ પુસ્તક વિશે, આવા બધા નિમિત્ત વશ જે કંઇ લખાતું રહેવું અને કોઇ સામાયિક કે પુસ્તકોમાં છપાયેલું તે તમામની અંદર આત્મકથાના અંશો તો હોય જ. પરંતુ તેને જયારે એક સીધી લીટીમાં મુકી જોવામં આવે ત્યારે તે આત્મકથા જ બની રહે. અહીં પણ કંઇક એવું જ બન્યું છે.

હાં, જન્મથી માંડીને ક્રમશ: કથા તેમાં નથી આવી જીવનનાં કેટલાક પાસાંઓ વિશે લખવાનું ન પણ બન્યું હોય પણ તેથી શું? અહીં લેખકના ભણતરની કથાના અછડતા ઉલ્લેખો મળે છે તેણે તેમનાં ઘડતરમાં ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે. છતાં કયાંક કંઇક છૂટ ગયાનો વસવસો પણ દેખાઇ આવે છે. જેમ કે તેમની કારકિર્દી ના કેટલાક પાસાં સમાવાયા નથી. બાળપણની ઘણી ખરી વાતો પણ અહીં નથી. પણ તેથી શું?

આ આત્મકથાત્મક લેખોનાં પુસ્તકનું નામ ઘણું સૂચક છે. તેના વિષે ફોડ પાડતાં લેખક પોતાના કિચિંત આત્મકથામાં કહે છે કે - 'આવું નામ પ્રયોજવા પાછલ તર્ક શો? વાત એમ છે કે પંજાબના (અને દેશનાં) મહાન લેખિકા અમૃતા પ્રિતમની આત્મકથાનું નામ 'રસીદી ટિકીટ' (રેવેન્યુ સ્ટેમ્પ) છે. કેમ? કહેવાય છે કે એકવાર જીવન કથાની વાત નીકળતાં વિખ્યાત પત્રકાર લેખક ખુશવંત સિંહે લેખિકાની હાંસી કરેલી કે 'અમૃતા તારી જીવનકથા તો કેટલી હોય? રસીદી ટિકીટના પાછળી બાજુ સમાય એટલી' તેથી અમૃતાએ પુરી નમ્રતા સાથે પોતાની આત્મકથાનું શીર્ષક 'રસીદી ટિકીટ' રાખેલું.

એવું જં કંઇક યશવંતભાઇના કિસ્સામાં પણ બન્યું છે. આટલાં વર્ષો પછી, બાળ સાહિત્યનાં સાચા ગણાયેલાં સેંકડો પુસ્તકો થઇ, રાજય સાહિત્ય અકાદમીનાં મહત્તમ ઇનામો પછી, રાષ્ટ્રીય શિક્ષણ, સંશોધન અને તાલીમ સંસ્થાનાં મહત્તમ ઇનામો પછી અને રાષ્ટ્રીય અકાદમી એ બાળ સાહિત્ય માટેના સૌથી પ્રથમ ઇનામને લાયક ગણ્યા પછી, ૩૦ ઉપરાંત નવલકથાઓ, ગુજરાતી ભાષામાં સૌથી વધુ રહસ્યકથાઓ લખ્યા પછી, ગુજરાતી ભાષામાં સૌથી વધુ વિજ્ઞાનકથાઓ લખ્યા પછી, ગુજરાતી ભાષાના અડધા ડઝન ઉપરાંત સામાયિકોના સફળ સંપાદન કાર્ય પછી પણ જયારે ગુજરાતના એક મૂર્ધન્ય વિદ્વાને ગુજરાતી સાહિત્ય ઇતિહાસ લખ્યો હોય તેની પચાસેક વર્ષ પછી ૨૦૧૨ની આવૃત્તિમાં પણ એવો ફકરો લખાયો હોય કે 'આજકાલ આલિયો, માલિયો, જમાલિયો, બબાલિયો, કમાલિયો તથા યશવંત મહેતા પણ બાળ સાહિત્ય લખે છે તો એ ગુજરાતી વિદ્વાનની વિદ્વતાને મન 'ફૂટનોટ' હોઉં તો મારે તે સ્વીકારી લેવું પડે. બાકી તો મારા લાખો વાચકો, સેકડો પ્રશંસકો અને મિત્રો મારા કાર્ડનું મૂલ્યાંકન કરશે તેનું મારે મન મહત્ત્વ છે. તેવા આંતરીક આક્રોશને કારણે શરૂઆતમાં તેમના શબ્દો મેં ટાંક્યા છે તેની સાક્ષીરૂપ જ કંઇક બતાવવા માટે તેમનાં આત્મકથાત્મક લેખ સંચયનું નામ 'ફૂટનોટ' આપવામાં આવ્યું છે તે યથાયોગ્ય જ છે. તેમાં ખરેખર નાનમ યશવંત ભાઇની નથી, તેમને ખોટી રીતે આલેખનારની જ ગણાય.

***(અનુસંધાન પાના નં. ૬ પર)***